Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# દાંતા પંથકના આદિવાસીઓના વિધિ-વિધાનો

ડૉ. ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા
આસિ. પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયા

દાંતા પંથકના આદિવાસીઓના ધાર્મિક-સામાજિક-સાંસ્કૃતિક કાર્યવાહી એ ક્રિયાકાંડ અને અનુષ્ઠાનનું અંગ છે. પૂર્વજોને ખુશ કરવા શ્રાદ્ધની વિવિધ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી જે આજ દિન સુધી હિંદુઓમાં અને આદિવાસીઓમાં પ્રચલિત છે. દેવોને વશ કરીને ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા અને શત્રુઓનો વિનાશ કરવા અથર્વવેદમાં સંમોહન, વશીકરણ, ઉચ્ચાટન વગેરે વિદ્યાઓ તથા ઘાતક મંત્ર-તંત્રાદિ, મણી-મોતી-તાવીજો અને વિવિધ ક્રિયાઓ-વિધિઓના પ્રયોગો બતાવ્યા છે. જે અત્યારે આદિવાસીઓની જિવાતી જીવનરીતિમાં પ્રચલિત છે.

હાલના સમયમાં આદિવાસીઓના ભૂવા કે ભોપા ધાર્મિક વિધિઓ કરે છે. વિષયની રીતે આદિવાસીઓના વિધિ વિધાનોને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય. એક ધાર્મિક વિધિ વિધાનો, અને બીજાં સામાજિક વિધિ વિધાનો. ધાર્મિક વિધિ વિધાનોમાં બીજા બે પેટા વિભાગ પાડી શકાય (૧) મેલાં દેવ-દેવીઓના વિધિ-વિધાનો. આ વિધિ-વિધાનોના સમયે દારૂ ઉપરાંત બકરા, પાડા અને કુકડા જેવા પશું-પક્ષીઓનો ભોગ ચડાવવામાં આવે છે. (૨) ચોખ્ખા દેવ-દેવીઓના વિધિ-વિધાનો. આ વિધિ-વિધાનોના સમયે ઘઉં, ઘી અને ગોળનું ચુરમું ઉપરાંત મહુડાના ફૂલોમાંથી બનાવેલી 'ભરાંરાં' નામની મીઠી વાનગી ચડાવવામાં આવે છે.[૧] આદિવાસઓ અનેક પરાપ્રાકૃતિક શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓના ખોલરા (ઘર) આંગણા, ખેતર, સીમ, ડુંગર, વહેળા,

વગેરે અસંખ્ય ગૂઢ શક્તિઓથી ઘેરાયેલા હોય છે અને ઘરમાં તથા બહાર, ખેતર અને સીમમાં આવી ગૂઢ શક્તિઓથી જુદા-જુદા નામે સ્થાપના કરી વાર-તહેવારે પૂજા કરી નૈવધ ધરાવે છે. આ પરાપ્રાકૃતિક દેવ-દેવીઓના  વિધિ-વિધાનો પર આધરિત છે. આદિવાસીઓના આધિદૈવિક એકસોને સાઈઠ વીર અને 'હીરુ-રાપુ', 'ટૂટી-ટાવરી', 'ખેંડી-ખાપરી', 'અખત -ઝાંપરી', 'મેંલાની મેંલરી'  જેવા દેવ-દેવીઓમાં વિશ્વાસ ધરાવે છે. આવી ગૂઢ શક્તિઓનો વાસ ઘર અને આગણામાં હોય છે. તેમના કુળદેવીઓનું સ્થાપન ડુંગળની તળેટીમાં કરે છે.  સીમદેવનું સ્થાનક સીમમાં હોય છે.  આ ઉપરાંત ગ્રામ દેવો અને પ્રાદેશિક દેવોનો વાસ પહાડો પર હોય છે. [૨]

દાંતા પંથકના આદિવાસીઓમાં ઋતુચક્ર પ્રમાણે આવતા વાર તહેવાર અને સામાજિક પ્રસંગે દેવ-દેવીઓના સન્મુખે તેઓ ગીતો કે નૃત્યગીતો સાથે વિધિ-વિધાન દ્વારા અનુષ્ઠાન પૂર્ણ કરી નૈવધ ચઢાવવામાં આવે છે. જે ઋતુચક્રની આકૃતિ પ્રમાણે બતાવી શકાય.

**૧. આસો-કારતક માસ**

આસો માસમાં આદિવાસીઓના **નોરતું, દશેરો અને દિવાળી** જેવા ધાર્મિક-સામાજિક પર્વ-પ્રસંગો આવે છે.  કારતક માસમાં એ **વેહ (ભૂત), વંતર** કાઢવાનો અને **મંતર** પાકા કરવાનો માસ છે. આ ઉપરાંત આ બન્ને માસમાં આગણું અને સીમના દેવ-દેવીઓને દારૂ અને પશું-પક્ષીઓના બલી ચઢાવવામાં આવે છે. કારતક માસ એ બે ઋતુઓનો સંધિકાળ છે. ચોમાસાની વિદાય અને શિયાળાનો આરંભનો આ માસ લોકજીવન પર પ્રભાવ પડે છે. રોગોનું પ્રમાણ વધે છે. આદિવાસી માને છે કે આ માસમાં દેવીઓના 'સકકર' ફરતાં હોય છે. તેના પ્રભાવથી શરીરમાં માંદગી પ્રવેશે છે. વેહ વંતરની અસર પણ આ માસમાં વધુ હોય છે. માટે આ માસ ભોપા (ભૂવા) અને ડાકણનો ગણાય છે.

**૧.૧. નોરતું** [૩]

આદિવાસીઓ આસો સુદ એકમે નોરતું લે છે. આ નોરતામાં નોરતાં માટે દેવીની સંમતિ મેળવવી, બારા પડવું,  નોરતું સજાવવું તથા ઘર માલિક નોરતાનું સ્વાગત કરી દીવામાં ઘી પૂરે છે અને એક રૂપિયો મૂકે છે. ધજાને ધોતિયું બાંધવામાં આવે છે. તેની સંખ્યા વધી જાય એટલે શ્રીફળ વધેરી પોતિયું ઉતારી લેવામાં આવે છે. ઉપરાંત ઘર

માલિકે ઘઉં અથવા મકાઈ આપે છે, જેવી અનેક વિધિઓ દ્વારા નોરતાનો આરંભ કરવામાં આવે છે. ત્યાર પછી દશેરાના તહેવારે કરવામાં આવે છે.

**૧.૨. દશેરો**

નોરતાના ત્રણ થી ચાર દિવસ પછી દશેરો ઉજવવામાં આવે છે. દશેરો દસમાં દિવસે જ ઉજવાય એવું નથી. કવા-પીવાની પૂરી વ્યવસ્થા થઈ ગયા પછી ગામ આગેવાનો નક્કી કરે એ દિવસે દશેરો ઉજવવામાં આવે છે. બપોરે માતાના સ્થાનક આગળ એક મોટો પાડો મારવામાં આવે છે. નોરતામાં આવેલા ઘઉં અને મકાઈ અગાઉ જ ઘર દીઠ વહેંચી દેવામાં આવે છે. તેના રોટલા બનાવીને લાવે છે. ઘરની વડીલ વ્યક્તિ કુટુંબદીઠ પચાસથી પંચોતેર સંખ્યામાં રોટલા બનાવીને લાવે છે. મોટા-મોટા માટીના ગોળાઓમાં પાડાનું માસ રાંધવામાં આવે છે.[૪]

**૧.૩. દિવાળી**

ધનતેરસથી કારતક સુદ એકમ સુધી આદિવાસીઓના મહ્ત્વના દિવસો છે. ધનતેરસના સવારે ગાયો, ભેંસો, બળદો, બકરાં વગેરે સજીવ ધનને તળાવ કે નદી કિનારે લઈ જાય છે, અને નવડાવે છે. આ સજીવ ધનને શણગારવા અને પૂજવામાં આવે છે. જેમાં રમજીથી શીંગડા રંગવામાં આવે છે. ગાયોના માથે મોરપિચ્છ મુગટથી શણગારવામાં આવે છે. શરીર પર ચકરડા પણ દોરવામાં આવે છે. સજીવ ધનને બપોરે ગોવાળિયા (તરુણ-તરુણીઓ) પોતાના ઘરેથી મકાઈ અને ચોખા લઈ આવે છે. ઢોર ચારતી વખતે નદી કિનારે ગુગરી બાફી ખાય છે અને આનંદ કરે છે. ધનતેરસ અને કાળીચૌદસની રાતે આર્થિક રીતે સુખી માણસોના ઘરે ગામના સ્ત્રી-પુરુષો અને બાળકો ભેગા થઈ ગીતો ગાય છે.

દિવાળીના સાંજે મેળ મેળાયું કરવામાં આવે છે. બે મોટી કુલડીઓ લઈ તેમાં ચોખા નાખીને પાણીથી ભરવામાં આવે છે. ઉપર પરણાયું મૂકી ઘી પૂરીને એક મોટી દિવેટ સળગાવવામાં આવે છે. દિવાળીના પંદર દિવસ પછી દેવદિવાળી આવે છે. આ દેવદિવાળીને તેઓ કાળીકાતોક કહે છે. આદિવસની રાતે તેમના મેલાં દેવી-દેવતાઓને સાધવાની મહ્ત્વની રાત ગણવામાં આવે છે.

**૨. માગશર-પોષ-મહા માસ**

માગશર-પોષ-મહા એ કોબરિયા જેવા મેલાં દેવની સ્થાપના અને કોળી કરવાના તથા અબાવ, સુંડઅને ઘપસા જેવા દેવોના વધામણાં કરવાનો માસ છે. કોબરિયા ઠાકોરની કોળીનું અનુષ્ઠાન, ધુળા પાટનું અનુષ્ઠાન, દેવરાના રાતીજગાનું અનુષ્ઠાન જેવા ધાર્મિક અનુષ્ઠાનો વખતે તાજા અંગારા થાપળાની વેદી પર મૂકીને લોટ, ચોખા કે ચુરમાનો હોમ કરવાની પરંપરિત વિધિ છે. આ સમયે પૃથ્વીની ઉત્પતિકથાના મંત્રો ગાવામાં કે કહેવામાં આવે છે. આ કથામાં પીપળ રખી (પિપ્પલાદ ઋષિ) ધૂમ રખી (ધૌમ્ય-ધૌમ ઋષિ) ગોતમ રખી (ગૌતમ ઋષિ) વગેરે ઋષિઓના ઉલ્લેખ આવે છે. આ વિધિ-વિધાનોનું પગેરું છેક તામ્રાશ્મકાળની સંસ્કૃતિ, આશરે ત્રણ હજારથી છ હજાર વર્ષ સુધીના સમયખંડની સંસ્કૃતિ સુધી જવા સંભવ છે.

**૨.૧. કોબરિયા ઠાકોર**

કોબરિયા ઠાકોરની આદિવાસીઓનું મેલું અનુષ્ઠાન છે. કોબરિયો પાટ કે કોબરિયો ઠાકોર એ તામસી પ્રકૃતિનો ઉગ્ર દેવ મનાય છે. આ વિધિને ‘પૂસ એરવી’ કહે છે. પાંચ દિવસ સુધી ‘પૂસ’ જોયા પછી પણ વ્યક્તિને કયું દેવ (દેવતુ) વળગ્યું છે તે નક્કી ન થાય તો ભોપો કામઠી (ધનુષ્ય) ચડાવવાની વિધિ કરે છે. આ વિધિ પાચ-પચીસ પંચો (સાક્ષી) સમક્ષ કરવામાં આવે છે. આ વિધિ પાંચ વાર કરીને દેવ નક્કી કરવામાં આવે છે. આ પછી ભોપો દોરો કરવાની વિધિ કરે છે મહામાસમાં કોબરિયા ઠાકોરની ‘કોળી’ કરવાનો આદેશ આપે છે. આ વિધિને કોબરિયા પાટની ‘કોળી’ કહેવામાં આવે છે. કોબરિયા ઠાકોરને રાંધેલા ચોખા સાથે પાડા અને બકરાની બલિ ચડાવવામાં આવે છે. આ વિધિ સમયે મંત્રોચ્ચાર થતો નથી.

**૨.૨. દેવરા**[૫]

ચામુંડાના ખાંડાથી ઘોડાનું મસ્તક છેદાઈ ડુંગર પર પડતા તેમાંથી દેવરા ઠાકોર ચોખ્ખા દેવ ઉત્પન્ન થયો એમ માનવામાં આવે છે. તેને પશુબલિને બદલે શ્રીફળ, ઘી, ગોળ અને લોટનું ચુરમું ધરાવવામાં આવે છે. દેવરાના મંદિરોમાં અંબા ભવાની, ચામુંડા તથા નવલાખ દેવીઓમાની વળી દેવીની મૂર્તિઓ સાથે ભૈરવ, ગણપતિ, વાસંગ નાગ, પાટવી ઠાકોર વગેરે પધરાવવામાં આવે છે. તેમની પૂજાવિધિ તથા પ્રસ્થાપના સમયે પાટવી ઠાકોર અને ગણપતિ ચોખ્ખા દેવ હોવાથી તેમની આગળ કાપડનો પડદો રાખી

બકરાનો ભાગ આપી, તેના લોહીના બાકીના મેલાં દેવરાંને ચાંલ્લા કરાય છે. આ અનુષ્ઠાનમાં રાત્રે ભોપા ધૂણે છે અને પૂતળાની પૂજા કરે છે. લોકો ઉજાણી કરે છે. બીજા દિવસે જાગરણ રાતીજગાનો ઉત્સવ કરે છે. **૩. ફાગણ-ચૈત્ર માસ** ફાગણ અને ચૈત્ર એ **હોળી**નો મહોત્સવ અને આદિવાસીઓના પ્રાદેશિક મેળાના માસ છે. આદિવાસીઓમાં વેર લેવાની સામાજિક પ્રણાલી છે. આ પ્રથા તેની આજની જીવતી જીવનરીતી સાથે અવિનાભાવે જોડાયેલી છે. તેમની વેરભાવના પેઢી દર પેઢી ઉતરે છે. **૩.૧. હોળી** [૬] હોળી આદિવાસીઓનો મોટો ઉત્સવ છે. આ ઉત્સવ વખતે સમગ્ર જાતિના હ્રદય અને શરીર આનંદથી નાચી ઊઠે છે. ફાગણ સુદ પાંચમના દિવસે સાંજના સમયે ગામના ચારથી પાંચ આગેવાનો હોળી જગવે છે. સૌથી પહેલા ચાલુ સાલે જેના ઘેર સ્વજનનું મૃત્યુ થયું હોય તાના ઘરે ઢોલ લઈને જાય છે. ત્યાં 'વારીઢોલ' વગાડે છે. સ્ત્રીઓ મરનાર સ્વજનને યાદ કરીને રડે છે. આ વિધિને 'એંહકાળુ પાગું' (શોકભાગ્યો) કહેવામાં આવે છે. 'હોળી જગવી', 'હોળી અડોળી', 'વળામણી ઘેર' કરવામાં આવે છે. આ આનંદનો અને હોળીના મહોત્સવનો છેલ્લો દિવસ હોય છે. ગોઠિયા-ગોઠણ માટે આ દિવસ વસમો લાગવા માંડે છે. પંદર-પંદર દિવસ સાથે નાચ્યા, ગાયાં અને ઉજાણી માણી અને હવે અલગ થવાનો સમય આવી પહોંચ્યો. છેલ્લે છેલ્લે તેઓ વધુ ઉન્મત્ત બનીને દારૂ પીને નાચી લે છે અને ગાઈ લે છે. **૩.૨. ગોર-ગણગોર (બીજો મહ્ત્વનો લોકમેળો)** ગોર અથવા ગણગોર એ આદિવાસીઓનો હોળી પછીનો બીજો મોટો ઉત્સવ હોય છે. આ ઉત્સવ આગેવાનોની રૂબરૂ ગોર જગાવવાની વિધિ શરૂ થાય છે. સાંજના સમયે ઢોલ વગાડવાની સાથે સ્ત્રી-પુરુષો અને બાળકો એકઠાં થાય છે. ગોરનો ગોરિયો કે પૂજારો શ્રીફળ, સાંબેલું (મુશળ), આંબાના પાન, કંકુ, બે લોટા વગેરે સામગ્રી તૈયાર કરે છે. હોળીની મધ્યમાં આગ સળગાવી ગોરનો ગોરિયો શ્રીફળ વધેરી લીલા તોપ્રનો હોમ કરે છે. ત્યાર પછી હોળીની મધ્યમાં શિવના પ્રતિકરૂપ સાંબેલું ઊભું રોપે છે. તેને આંબાના પાન બાંધે છે. કંકુના ચાંલ્લા કરીને સાંબેલાને પૂંજે છે. સ્ત્રીઓ ગોર જગાવવાના ગીતો ગાય છે. સાંબેલાની ચારે બાજુએ ઢોલ વગાડતાં વગાડતાં સ્ત્રી-પુરુષો નાચે છે. બે પાણીના ભરેલા લોટને પણ આંબાના પાન બાંધે છે અને કંકુના ચાંલ્લા કરે છે. જોરજોરથી ધૂણવાનો ઢોલ વગાડવામાં આવે છે. ભોપો જોરજોરથી ધૂણે છે જ્યાં ગોરનાં મંદિરો બાંધેલા હોય ત્યાંથી ગોરની ચાંદીની નાની મૂર્તિ પણ વાજતે-ગાજતે શ્રીફળ

વધેરીને ગોરનાં નવા સ્થાનકે લાવે છે. ગોરનું સ્થાપન કર્યા પછી ગોરિયા અને ગોરાણી ઉપરાંત પાંચ કન્યાઓ અને પાંચ કુમારોની ગોરની સેવા કરવા માટે નિમવામાં આવે છે. તેઓ ગોરની પંદર દિવસ સુધી સેવા કરવામાં આવે છે. વહેલી સવારે ઊઠીને નદીએ કે વહેળે નહવા જાય છે. ત્યાંથી બીલીના પાન, આકડાના ફળ અને વગડાઉ ફૂલ લાવે છે. ઘીનો દીવો કરી લાવેલા ફૂલ ગોર માતાને ચઢાવે છે. બીલીના પાનને મસળીને ચોખ્ખા ઘીમાં બોળીને ગોરની સામે હોમ કરવાની વિધિ કરવામાં આવે છે[૭]

**૪. વૈશાખ-જેઠ માસ**

વૈશાખ અને જેઠ માસમાં અસહ્ય ગરમી હોવાથી પહાડી પ્રદેશોના નદી-નાળાં નિર્જળ બની જય છે. પાલતું પ્રાણીઓ ઘાસ વિના અને લોકસમુદાય ધાન્ય વિના દુ:ખી થાય છે. આ બે માસમાં આદિવાસીઓને અનેક હાડમારી ભોગવવી પડતી હોવાથી તેઓનું સામુહિક મન ચોખ્ખા દેવ-દેવીઓ તરફ વળે છે.

**૪.૧. હગ (બાધા)**

આદિવાસીઓ અનેક પરાપ્રાકૃતિક શક્તિઓ દ્વારા શ્રદ્ધા ધરાવે છે. ઋતુચક્ર પ્રમાણે આવતા વાર-તહેવારે આ દેવી-દેવીઓના સામે વિધિ-વિધાન દ્વારા અનુષ્ઠાન પૂર્ણ કરી નૈવેધ ધરાવી હગ (બાધા) પૂરી કરવામાં આવે છે.

**૪.૧.૧. માણેકનાથનો હગ** : [૮] આદિવાસીઓમાં આબાલ-વૃદ્ધ બીમાર પડે અથવા સંતાન ન થતું હોય તો માણેકનાથનો હગ (બાધા) લેવામાં આવે છે. બીમારી દૂર થાય, સંતાન જન્મે તો વૈશાખ માસમાં હગ કરવામાં આવે છે. માણેકનાથ એ ભીલોનો ચોખ્ખો દેવ છે. તેને ઘઉં, ઘી અને ગોળનું ચુરમું ચઢાવવામાં આવે છે. અને લગા, કુંડી અને ઝાલરના સ્વરોવચ્ચે 'હગ'(બાધા) પૂરી કરવામાં આવે છે. કાળા મગરે હગ ચડાવવા જતી વખતે બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે છે. સમય પૂરતો દારૂ અને માંસનો ત્યાગ કરવામાં આવે છે. શનિવારના રાત્રે માણેકનાથના સ્થાનકે આવિર્ભાવ અને કાર્યોના મહિમા સાથે વિધિ કરવામાં આવે છે. રવિવારે સૂર્યના ઉગતા કિરણોમાં ચુરમાનો હગ ચઢાવવામાં આવે છે.

માણેકનાથ એક ઊંચા પર્વતની મધ્યમાં માંણેકનાથની એક મોટી વિશાળ ગૂફા આવેલી છે. વહેલી સવારે માંણેકનાથને હગ (બાધા) ચડાવવા માટે ચુરમું બનાવવામાં આવે છે. પથ્થરની મોટી લાંબી અને પાતળી શિલાઓ ઉપર રોટલા સેકીને તૈયાર કરે

છે. રોટલા ઝીણા મસળીને તેમાં ગોળ અને તેલ ઉમેરીને ચૂરમું બનાવે છે. સૂર્યના ઉગતા કિરણોમાં ગૂફામાં રહેલા માંણેકનાથને આ ચૂરમું ચડાવવામાં આવે છે. માંણેકનાથના સ્થાનકના ઘોડા આગળ ઘીનો દીવો કરીને શ્રીફળ વધેરે છે. આ પછી ઘોડા અને મૂર્તિને કંકુના ચાંલ્લા કરીને ચુરમું ચઢાવવામાં આવે છે. ચુરમું ચઢાવ્યા પછી બહાર આવીને જે બાળકની બાધા હોય તેને નવા કપડાં પહેરાવે છે. સોના-ચાંદીના ઘરેણાથી તેને શણગારે છે. ત્યાર પછી બાળકોને એક પંક્તિમાં બેસાડે છે. બહેનો, દીકરીઓ અને ફોઈઓ છોકરો હોય તો ધોતિયું ઓઢાડે છે. બદલામાં સંતાનના પિતા 'પોલકા' નો એક ટુકડો આપે છે. અંતે દરેકને શ્રીફળનો પ્રસાદ અને ચુરમું વહેંચવામાં આવે છે. તેના લોહીથી ધજા અને મતોના ઘોડાઓને ચાંલ્લા કરવામાં આવે છે. ભોપો બાળકના વાળની લટ કાપીને માતા પાસે મૂકે છે. પિતા બહેનનો પુત્ર (ભાણિયા)ને પાઘડી પહેરાવે છે. નમતા પહોર ગામજનો રોટલા લાવે છે. બલીના પ્રસાદ સાથે સમૂહભોજન લઈને લોકસમૂહ વિખેરાય છે.

**૪.૨. વતાંમણા (વધામણાં)**

આદિવાસીઓ પોષથી મહા મહિનાના અંત સુધી વતાંમણા (વધામણાં) કરે છે. સામાન્ય રીતે વતાંમણા (વધામણાં) રવિવારે કરવામાં આવે છે. પરણેલી દીકરીના પહેલા ખોળાના પુત્રનું વતાંમણા (વધામણાં) પિયરમાં કરવામાં આવે છે. સામાન્ય રીતે આવા પુત્રના વાળ પિયરમાં આવેલી 'જોગમાઈ'ના થાનકે ઉતારે છે. પિતાની કે સાસરીપક્ષની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો વીસ વર્ષના સમય ગાળામાં આ વતાંમણા (વધામણાં) પુરા કરવામાં આવે છે. પિતા આમંત્રણ આપે ત્યારે દીકરી સાસરીમાંથી ચાર-પાંચ વર્ષનો એક બકરો જોગમાઈની લાલધજા, શ્રીફળ, પાંચથી દસ કિલોગ્રામ માતર (સુખડી)ની સામગ્રી, પાંચ કિલોગ્રામ મકાઈ કે ઘઉંના રોટલા વગેરે વસ્તુઓ લઈને પોતાના પુત્ર સાથે પિયર આવે છે.

બીજા દિવસે સવારે સૂર્યના ઊગતા કિરણોમાં વતાંમણા (વધામણાં)ની વિધિ શરૃ થાય છે. આવેલ મહેમાન અને ગામના સ્ત્રી-પુરુષો અને બાળકો 'માતા'ના સ્થાનક પાસે ભેગા થાય છે. સૌથી પહેલા માતાને 'માતા' ને ઘી, ગોળ અને ઘઉંની માતર અને ધજા ચઢાવવામાં આવે છે. ઘીના દીવા આગળ નાળિયેર વધેરવામાં આવે છે. ત્યાર પછી જોગમાયાના થાનક પાસે બકરો લાવે છે. તેને પાણી છાંટવામાં આવે છે. આથી બકરો

ધ્રૂજે છે. ધ્રૂજતા બકરાને જોઈને લોકસમૂહ માને છે કે બકરો માતાએ સ્વીકાર્યો છે. તેનો બલી ચડાવે છે. અને તેના લોહીથી ધજા અને માતાના ઘોડાઓને ચાંલ્લા કરે છે. ભોપો બાળકના વાળની લટ કાપીને માતા પાસે મૂકે છે. પિતા બહેનનો પુત્ર (ભાણિયા)ને પાઘડી પહેરાવે છે. દીકરીને સાલ્લો ઓઢાડે છે. કુટુંબીજનો યથાશક્તિ ભાણિયાને પાંચ-દસ રૂપિયા આપે છે.

**૫. અષાઢ-શ્રાવણ માસ**

અષાઢ અને શ્રાવણ એ આદિવાસીઓના લગ્ન કરવાના અને ગોઠિયા-ગોઠણનો સામાજિક પ્રસંગ વિશેનો માસ છે.

**૫.૧. લગ્ન** [૯]

અષાઢ અને શ્રાવણ એ આદિવાસીઓના લગ્ન કરવાના અને ગોઠિયા-ગોઠણનો સામાજિક પ્રસંગ વિશેનો માસ છે.

**૫.૧.૧. ઘોંણ પૂરવો :** જે દિવસે કન્યા કે વરને પીઢીએ બેસાડવાના હોય છે તે દિવસે સવારે ઘોંણ પૂરવાની કે ઘોંણ ખાંડવાની વિધિ કરવામાં આવે છે. કુટુંબ અને ગામની સ્ત્રીઓ ભેગી થઈ ગીતો ગાય છે, એક ખાંડણિયામાં ચોખા નાખીને સાંબેલાથી ડાંગર ખાંડે છે અને તેમાંથી ચોખા કાઢે છે. આ ચોખાની ખીચડી બનાવવામાં આવે છે. આવનાર સ્ત્રીઓને આ ખીચડી ખાવા માટે આપવામાં આવે છે. આ વિધિને 'ઘોંણ ખાંડવો' કે 'ઘોંણ પૂરવો' કહે છે.

**૫.૧.૨. ખેતરની માટીના ગણેશ લેવા જવું :** પીઢીએ બેસાડતી વખતે સૌથી પહેલાં વર કે કન્યાને દેવરાના મંદિરે લઈ જવામાં આવે છે. શરીર પર પછેડી ઓઢાડવામાં આવે છે. હાથમાં નાળિયેર આપવામાં આવે છે. નવા કપડાનું છત્ર બનાવવામાં આવે છે. કન્યા અને વરની માતા ઘીનો દીવો લઈને ચાલે છે. વર કે કન્યા મકાઈના દાણાથી દેવોને નમન કરે છે. નજીકના ખેતર માંથી માટીનું ઢેકું લાવવામાં આવે છે. કંકુનું તિલક કરી શ્રીફળ વધેરવામાં આવે છે

**૫.૧.૩. પીઠીએ બેસવું** : પીઢી માતા અથવા કાકી ચોળે છે. પીઢી ચોળ્ય પછી કાકો તેડીને ગોત્રેજ આગળ બેસાડે છે. પીધીના દિવસો દરમિયાન કમરમાં એક ધોતિયું ફેરી રાખે છે. કન્યા ચણિયો અને સફેદ સાડી ફેરી રાખે છે. ફક્ત સફેદ સાડીનો છેડો સ્તનમંડળ પર નાખે છે. વર અને કન્યાને આખા શરીર પર પીઢી ચોળવામાં આવે છે.

**૫.૧.૪. માણેક સ્તંભ અને માંડવો રોપવો** : માંડવો રચવા માટે લીલા વાંસ અને માણેક સ્તંભ લેવા માટે કેટલાક માણસોને મોકલવામાં આવે છે. સૌથી પહેલા અનુકુળ જગા જોઇને માણેક સ્તંભને રચવાની વિધિ કરવામાં આવે છે. એક ખાડો કરી તેમાં દૂધ અને ધરો નાખવામાં આવે છે. ત્યાર પછી પાંચ માણસો માણેક સ્તંભને પકડીને રોપે છે. માણેક સ્તંભને નાડાછડી કે કાચા સૂત્રથી આંબાના પાન બાંધી કંકુના છાંટા નાખવામાં આવે છે.

**૫.૧.૫. નૂતર** : જાન જવાના દિવસે વરના પિતાના ઘરે અને જાન આવવાના દિવસે કન્યા પિતાના ઘરે પરણેલી મોટી બહેનો 'નૂતર' લઈને આવે છે.

**૫.૧.૬. મામેરું** : મામા મામેરું લાવે છે. આદિવાસી સમાજમાં કાકાનું જેટલું મહત્વ હોય છે તેટલું મામાનું હોતું નથી. મામા બહેન માટે કપડાં, ચાંદીના કડલા અને બનેવી માટે કપડાં, કાનમાં પહેરવાની મરકીયો લાવે છે. ત્યાર પછી બહેન માંમેરાને કેકુના છાંટા નાખીને વધાવે છે.

**૫.૧.૭. સામૈયું અને જાનનો ઉતારો** : જયારે જાન વેવાઈના ગામની નજીક આવે છે ત્યારે કન્યા પક્ષવાળા ઢોલ વગાડીને વરપક્ષનું સામૈયું કરે છે. ત્યાર પછી જાનનો ઉતારો વેવેઈના ઘર પાસેના વૃક્ષ પાસે આપવામાં આવે છે. જાનૈયાઓને એક ખટલો આપવામાં આવે છે. તેના પર વડીલો બેસે છે. પાણી પીવા માટે એક માટલું આપવામાં આવે છે. વરરાજાનું આસન પૃથ્વી પર હોય છે. લગ્ન પૂરું થયા વિના તેઓ ખાટલા પર બેસી શકતા નથી.

**૫.૧.૮. 'હાર ખીસરિયા'ની વિનોદી વિધિ** : જાનના થોડા સમયનાં વિરામ પછી કન્યાપક્ષ તરફથી 'હાર ખીસરિયા'નું આમંત્રણ આપવામાં આવે છે. 'હાર ખીસરિયા'ની વિધિનું કેન્દ્ર બિંદુ કાકી હોય છે. કન્યાપક્ષની જાનરડીઓ ગીતોનો મારો ચલાવે છે. કાકી એક હાથમાં સોટી અને બીજા હાથમાં સૂપડું લઈને આવે છે. વેવાઈઓને ચાંલ્લા વિધિ કર્યા પછી થેકડા મારતી નાચવા માંડે છે.

**૫.૧.૯. 'તોરણ સબાવવા'ની વિધિ** : વરરાજા અને વેવાઈઓ માંડવાના દ્વાર પાસે આવે છે. બંન્ને પક્ષો ગીતોની ગાળોની પ્રસાદીથી સ્વાગત કરે છે. માંડવાનું પ્રવેશદ્વાર લીલા વાંસના તોરણથી બાંધેલું હોય છે. વરરાજા આગમનની સાથે તલવારનો એક જ ઝાટકો તોરણ પર મારવામાં આવે છે.

**૫.૧.૧૦. 'વીદરાજા'ને શણગારવા** : ગીતોના સ્વરો વચ્ચે વરરાજાને શણગારવાની વિધિ શરૂ થાય છે. વરરાજાને ખમીશ, ધોતિયું અને લાલ સફાથી શણગારવામાં આવે છે. મુખ પર ભેંશનું ઘી લગાવવામાં આવે છે.

**૫.૧.૧૧. વરરાજાને પોંખવા** : હસ્તમેળાપની વિધિ પર હિંદુ લગ્ન વિધિની સ્પષ્ટ અસર જોઈ શકાય છે. પોંખવાની વિધિમાં માતા વરને પોંખે છે. થાળીમાં દીવો, કંકુ, લોટના મૂઠિયા,ચાર દાતણ, રવૈયો વગેરે વસ્તુઓ દ્વારા પોંખવાની વિધિથી હસ્તમેળાપની સંપૂર્ણ વિધિ વૃદ્ધ આદિવાસી કરાવે છે.

**૫.૧.૧૨. શેંગોરાં નોખવા** : વર જયારે તોરણે આવે ત્યારે શ્રીફળ વધેરવામાં આવે છે. આ પોખવાની વિધિ પૂરી થયા પછી વર જયારે ચોરી તરફ આગળ વધે છે. શ્રીફળના ટુકડા કન્યા તરફ ફેંકે છે. કન્યા અને વર પક્ષના યુવક-યુવતીઓ આ ટુકડા લેવા પડા-પડી કરે છે જમીન પર ગોથા ખાવાનો આનંદ પ્રાપ્ત કરે છે, તેને શેંગોરાં નોખવાની વિધિ કહે છે.

**૫.૧.૧૩. કન્યાની પધરામણી** : લગ્ન મંડપમાં કન્યાનો કાકો ભત્રીજીને તેડી લાવે છે. ચીંથરાની દીવેટની જ્યોત પર બન્ને દ્વારા તલ, જવ અને ઘી હોમવામાં આવે છે.

**૫.૧.૧૪. કન્યાદાન** : કન્યાના પિતા યથા શક્તિ ભેંશ, બકરી વગેરે દૂધારા પશુઓ આપે છે. ઘરવખરીમાં તાંબાની ચરૂડી, પીત્તરની થાળી, વાટકી અને લોટો તથા કાંસનું તાંસળું આપે છે. સખીઓ પૈસા, દર્પણ અને સાબુ વગેરે આપે છે.

**૫.૧.૧૫. કન્યા વિદાયની વસમી પળો** : ભોજનની સમાપ્તિ પછી કન્યા વિદાયનો વસમો સમય આવી પહોચે છે. કન્યાપક્ષમાં ધીમેં ધીમેં ઉદાસી છવાય છે. કરુણા અને નિરાશા નીતરવા લાગે છે. કાકો કન્યાને તેડીને બારણા બહાર મૂકીને પારકી કરવાના લાગાના પચીસ રૂપિયા લે છે. કન્યાપક્ષની સ્ત્રીઓ કન્યાને સાવધ કરતા ગીતોની સાથે વિદાય આપે છે.

**૫.૨. ગોઠિયા-ગોઠણ**

'ગોઠિયો' એટલે પ્રેમી અને 'ગોઠણ' એટલે પ્રિયતમા. પ્રકૃતિના ખોળે પ્રકૃતિનો જ અંશ થઈને જીવતા આદિવાસી યુવક અને યુવતીઓને વૃક્ષોને પાન ફૂટે એટલી સહજતાથી પ્રણયાંકુર ફૂટે છે. હોળી, દિવાળી જેવા ઉત્સવો, લગ્ન પ્રસંગો કે જીવનના દૈનિક કાર્યો જેવા કે ઢોર ચરાવવા, ચાર લેવા જવું, ખેતરમાં કામ કરવા જવું વગેરે

પ્રસંગો પ્રણયના નિમિત બને છે. ગોઠિયા-ગોઠણનો સંબંધ સમાજસ્વીકૃત છે. આ પ્રણય સંબંધમાં શારીરિક સંબંધોનો પણ છોછ નથી. કોઈ વડીલ ગોઠિયા-ગોઠણને એવી સ્થિતિમાં જોઈ જાય તો – "બોદું હેં ! ખાખરિયું કરે હેં !" ( કાચી ઉંમરના છે, પ્રેમ કરે છે !) કહીને હસી કાઢે છે. લગ્ન પહેલાં કુવારી છોકરી સાથે કોઈ પણ સંબંધ રાખી શકે. પિતરાઈ ભાઈ-બહેનોને છોડીને કુટુંબના દૂરના ભાઈ-બહેનનો પ્રેમ પણ ઘણીવાર ગોઠિયા-ગોઠણના પ્રેમમાં પરિણમે છે. કન્યા કોઈ યુવક સાથે આકર્ષાય તો તેની પાસે દર્પણ, કાંસકો, બંગડીઓ, કોપરું, ગોળ વગેરે મંગાવે. તેનાથી યુવક સમજી જાય કે કન્યા તેને ગોઠિયો કરવા માંગે છે. પછી તેમનો પ્રેમ વિકસે છે.

પ્રણયોલ્લાસમાં દિવસો પસાર થાય છે ત્યારે લગ્નના દિવસો આવે છે. આદિવાસી સમાજમાં એક ગામના યુવક-યુવતી ગોઠિયો-ગોઠણ થઈ શકે છે. પરંતુ તેમના લગ્ન ના થઈ શકે. એટલે મોટે ભાગે બંન્નેના ભાગ્યમાં વિરહ લખાયેલો હોય જ છે. આદિવાસી કન્યાનું લગ્ન નક્કી કરવા આવે ત્યારે દારૂ આપવામાં આવે અને કુકડો કાપવામાં આવે. ગોઠણની સગાઈ થઈ રહી છે તે વાત પોતાના ગોઠિયાને કહે છે. [૧૦]

આદિવાસી પ્રજા આ સંબંધની બાબતમાં ખૂબ ઉદાર છે. મોટી વય પણ પોતાના ગોઠિયા કે ગોઠણને યાદ કરીને ગીતો ગવાય છે. આ સંબંધમાં જેટલી ઉદારતા છે એટલીજ કઠોરતા લગ્ન પછીના સંબંધોમાં છે. કન્યા લગ્ન કર્યા પછી એકજ ધણીની ગણાય. આ વિસ્તારમાં એક મજાની કહેવત પણ છે કે,- 'હાંલ્લીમાંની ખીચડી જે ખાય તેની અને થાળીમાં આવ્યા પછી એ ધણીની !' પરણ્યા પછી કોઈ કન્યા પોતાના જૂના ગોઠિયા સાથે સંબંધ ન રાખી શકે. અને જો ભૂલેચૂકે રાખે તો તેનો પતિ ગોઠિયાનું ખૂન કરે અથવા કોઈવાર સમાધાન રૂપે મોટું દાપું પણ વસૂલ કરે છે. આવા પ્રસંગોમાં ઘણીવાર ઊંડા વેર પણ બંધાતા હોય છે.

## ૬. ભાદરવા માસ

### ૬.૧. પાટ

ભાદરવા માસની મહામાર્ગી **પાટ**ની ભક્તિથી કંટાળેલું સામુહિક માનસ ભોગ અને સંસારિક વિલાસ તરફ સ્વાભાવિક રીતે વળે છે. મહાપંથના પાટની ઉપાસનામાં અજવાળી બીજ, એકાદશી પૂનમની રાત્રી મહત્વની છે.અષાઢી બીજને શનિવાર હોય તો તે માટે સર્વશ્રેષ્ઠ સમય ગણાય છે. આ રાત્રીના સમયે આ પંથના અનુયાયીને ઘેર

બાજોઠ ઉપર તેમની વિધિ પ્રમાણે આકૃતિ દોરાય છે. પ્રતિકોનું સ્થાપન થાય છે. જ્યોત પ્રગટાવાય છે ને નિજારી જતી-સતી, સાધુ-સંતો, ગતગંગા અલખનો આરાધ કરે છે. આજે આ પાટ-ઉપાસનાને રામદેવપીરનો પાટ પણ કહે છે. એક ક્રાંતિકારી પગલું એ પણ ભરાયું છે કે આ પાટને શિવરામંડપ કહીને લાખોની માનવમેદની વચ્ચે આ ગુપ્ત પાટને ખૂલ્લો પાટ કરીને ઉપાસના થાય છે. અનેક પાટો જેવા કે, વીસો પાટ, દાસો પાટ, રામદેવપીરનો પાટ, શિવ-શક્તિનો પાટ, મહાકાળીનો પાટ, પંચમીયો પાટ, શંખાઢોળનો પાટ, બારપોરો પાટ.

**૬.૧.૧. ધુળાનો પાટ** : આદિવાસીઓમાં ધુળાનો પાટ પૂજાય છે. ધુળાનો પાટ ભાદરવા માસની અજવાળી બીજ ને શનિવારને મહત્વનો દિવસ માને છે. આ પાટને ‘બીજ ઉજવવી’ એમ પણ કહે છે. આ ધાર્મિક અનુષ્ઠાન ચોખ્ખું હોવાથી ‘ગત’ (લોકો ભેગા થયા હોય તે)માં દારૂ પીવાની માંસ ખાવાની સખત મનાઈ કરવામાં આવે છે. આ પાઠના અનુષ્ઠાન સમયે ધૂળના ઠાકોરને ગોળ, ઘઉંનો લોટ, અને ઘીમોથી બનાવેલું ચુરમું બીજના મંત્રોચ્ચાર સાથે ચડાવવામાં આવે છે.

મહાપંથમાં પાટ ઉપાસનાની વિધિ ધર્મગુરૂ જેને સાધુ કહેવામાં આવે છે તે કરે છે. અહીં ધુળાના પાટમાં એ સાધુને ખુંટ તરીકે ઓળખવામાં આવે છે. એ તમામ ધાર્મિક વિધિ સંભાળે છે. મધ્યરાત્રી પછી તેઓ મંડળની રચના કરે છે. આ માટેની માન્યતાઓ એવી છે કે પ્રથમ જળ હતું. એ જળુકાળમાંથી કમળના ફૂલ પર પોઢેલા ઈંડા રૂપી ભગવાનના મખના અમીથી બનેલી ઉમિયાની બે સાથળ વચ્ચે નખથી ફાડીને ભગવાન દ્વારા ભંગ રચવામાં આવે છે. ને એ રચનાની આ વિધિ મનાય છે. ધુળાના પાટનું મંડળ રચાય છે એ માટે જ્યાં હળનું ફણ અડ્યું હોય એવી કુંવારી માટી અને કુંવારી ગાયના છાણને ભેગા મસળીને ગાદી બનાવવામાં આવે છે. આ ગાદી ઉપર તીર (નર) થી ચતુષ્કોણ દોરે છે. આ ગાદી પર સવા હાથના સફેદ કાપડ પર એટલા જ માપના લાલ કાપડમાં સફેદ સામાના દાણાથી માંડવામાં આવતા ચંદ્ર, સૂરજ, તારા ચોરાસી સાધુ, પાંચ પાંડવો, પાંડોર ગાય, વાસુકી નાગ જેવાં પ્રતિકોની આકૃતિ દોરાય છે. વચ્ચે જ્યોત ભરવામાં આવે છે. ભંડારી જે ઘેર પાટ વિધિ થતી હોય તે ઘરની સ્ત્રી ચુરમાના કુંડા પ્રસાદી તરીકે લાવે છે. મંત્રોચ્ચાર થાય છે ને તે રીતે ધુળાનો પાટોત્સ્વ ઉજવાય છે.

આથી એકજ સમાજના લોકસમૂદાયનું ચિત્ત બંન્ને નોખા નોખા પ્રસંગોએ જુદી-જુદી મન:સ્થિતિ ધરાવે છે. જેથી બંન્ને પ્રસંગે ગવાતી કંઠસ્થ રામકથાની રજૂઆત અને સ્વરૂપોમાં ઘણો તફાવત હોય છે. ધુળાના પાટનો સંબંધ સાત્વિક ભક્તિ સાથે હોવાથી શ્રોતાઓના ચિત્ત શાંત રસથી તરબોળ બને છે. આ પ્રસંગોને બ્રાહ્મ મુહૂર્તમાં કરવામાં આવતી વિધિઓ વધુ સહાયક નીવડે છે.

**સંદર્ભ:**


૧. માહિતીદાતા : ધ્રાંગી સુરેશભાઈ હકમાભાઈ (ધ્રાંગીવાસ)

૨. અરવલ્લી પહાડની આસ્થા : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ. ૧૧

૩. ગુજરાંનો એરલો : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ. ૨

૪. માહિતીદાતા : તરાલ જીતુભાઈ રણછોડભાઈ (સનાલી)

૫. માહિતીદાતા : અંગારી હકરાભાઈ ધુળાભાઈ & અંગારી ચમનાભાઈ સુનાભાઈ (વડનારા)

૬. વનસ્વર સંપાદક : ડૉ. બળવંત જાની પૃ. ૫૪૬

૭. ભીલોના ધાર્મિક ગીતો : ડૉ. ભગવાનદાસ પટેલ પૃ. ૧૫

૮. માહિતીદાતા : ગમાર મહેન્દ્રભાઈ મોસાભાઈ (સેકડા)

૯. માહિતીદાતા : ડાભી કેતનભાઈ દીતાભાઈ & ડાભી રત્નાભાઈ વિરાભાઈ (રાણપુરબંગલા)

૧૦. વનસ્વર સંપાદક : ડૉ. બળવંત જાની પૃ. ૫૦૪